ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૬૭ ટકા

# પેથાપુર રામજી મંદિરની ચાલીમાં ગંદકીથી નાગરીકો પરેશાન




ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામના રામજી મંદિર સ્થિત ચાલીમાં છેલ્લા ઘણા સમયથી શ્રમિક પરિવારો વસવાટ કરે છે. ત્યારે શહેરમાં વરસેલા વરસાદને પગલે ચાલીમાં ઘુંટણસમા પાણી ભરાતા નાગરીકોની હાલત અત્યંત દયનીય બની જવા પામી હતી. જયારે પાણી ઓસરતા આ વિસ્તારમાં ગંદકી પુષ્કળ પ્રમાણમાં થવા પામી છે. જેને પગલે ચાલીના નાગરીકો ખદબદતી ગંદકી વચ્ચે રહેવા મજબુર બન્યા છે. ગંદકીને પગલે મચ્છરોના ત્રાસ વધતા શ્રમિક પરિવારનો આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. જેને પગલે રામજી મંદિરની ચાલી વિસ્તારમાં નગરપાલિકા તંત્ર દ્વારા સત્વરે સફાઈ કરવામાં આવે તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યુ છે. ઘરેઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. શહેરના ખાનગી અને હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં વરસાદે વિરામ લેતા ઠેરઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. જેથી મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકો મુસીબતમાં મુકાયા છે.ત્યારે પેથાપુર રામજી મંદિરની ચાલીમાં રહેતા નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. વરસાદમાં ઘુંટણસમા પાણી ભરાયા બાદ પાણી ઓસરતા જ ચાલીમાં ગંદકી અને કાદવ-કિચડ થતા વાહનચાલકો અને નાગરીકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. મચ્છરોના ત્રાસથી નાગરીકો શાંતિથી સુઈ પણ શકતા નથી. ત્યારે ચાલીના નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે.ત્યારે તંત્ર દ્વારા ટુંક સમયમાં યોગ્ય સફાઈ કરાય તેવી લાગણી અને માંગણી ચાલીના રહીશોની છે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં પેપર કવીલીંગ આર્ટના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે શોષની ઘટાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

# હત્યા કરીને કેનાલમાં ફેંકી દેવાયેલી યુવતીની હજુ ઓળખ પણ થઈ નથી

ગાંધીનગર, તા.૧૮

અડાલજ નજીક જમીયતપુરા કેનાલમાં આજથી બે મહિના પહેલા વહેલી સવારે આશરે ૨૫ વર્ષિય યુવતીને કોઈ અજાણ્યા શખ્સોએ હત્યા કરીને ફેંકી દીધી હોવાની ઘટના બનવા પામી હતી. આ ઘટનાને આજે બે મહિના થઈ ગયા હોવા છતા હજુ સુધી પોલીસને મૃતક યુવતી કોણ હતી તેની ઓળખ કરવામાં પણ સફળતા મળી શકી નથી તો હત્યારા સુધી પહોંચવાની વાત તો દુર રહી. બબ્બે મહિના બાદ પણ પોલીસ પગેરુ મેળવવા પોલીસ હવામાં હવાતિયા મારી રહી છે. હજુ પણ પોલીસ આ હત્યા પ્રકરણમાં દિશાવિહિન છે.

૧૯ મે એ સવારનાં અરસામાં જમીયતપુરા નર્મદા કેનાલમાંથી આશરે ૨૫ વર્ષિય યુવતીનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા તેણીનાં શરીર પરથી ૧૪ જેટલા તિક્ષ્ણ હથિયારનાં ઘા નાં નિશાન મળી આવ્યા હ્તા. કોઈ શખ્સોએ યુવતીની કોઈ કારણોસર કરપીણ હત્યા કરીને મૃતદેહ કેનાલમાં ફેંકી દીધો હોવાનું ખુલતા ઘટનાની તપાસ અડાલજ પી.આઈ એ સંભાળી લીધી હતી. મૃતક યુવતીનાં શરીરે વાદળી રંગનું ટોપ અને લેગીન્સ પહેરેલુ હતુ. તેણીનાં જમણા હાથે મેક્સીમા કંપનીની કાંડા ઘડીયાળ હતી. અડાલજ પોલીસે આસપાસનાં ગ્રામજનોનાં નિવેદનો લીધા અને મુખ્ય માર્ગો તથા સર્કલોનાં સીસીટીવી કેમેરા તપાસ્યા પરંતુ કોઈ જ મહત્વની કડી મળી નથી. આ ઘટનાને આજે બે મહિના થઈ ગયા તેમ છતા હત્યારાઓ સુધી પહોંચવાની વાત તો દુર રહી પરંતુ તપાસ કરતી પોલીસ હજુ મૃતક યુવતીની ઓળખ પણ કરી શકી નથી. પોલીસ આ ચકચારી હત્યા કેશમાં હજુ તદ્દન દિશાવિહિન છે.

# વિવિધ દેશોના વિઝા સેન્ટર અમદાવાદમાં શરુ કરાવવા રજુઆત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં મળેલી નગરની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની બેઠકમાં પાટનગરના મહત્વના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી. જેમાં રચનાત્મક સુચનો થયા હતા.

ગુજરાતીઓ દુનિયાભરમાં પ્રવાસ કરવા માટે જાણીતા છે. યુરોપના દેશો, અમેરિકાના પ્રવાસ માટે વિઝા મેળવવા મુંબઈ જવું પડે છે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે ગુજરાત સરકારને અનુરોધ કર્યો છે કે ગુજરાતમાં વિઝા સેન્ટર નહિ ધરાવતા દેશો અમદાવાદમાં તેમના વિઝા સેન્ટર શરુ કરે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા સબળ રજુઆત કરે.

૪૦ માઈક્રોનથી પાતળા પ્લાસ્ટીકના વપરાશ પર નિયંત્રણ હોવા છતાં ગાંધીનગરના ખરીદ-વેચાણ કેન્દ્રો પર પાતળા પ્લાસ્ટીકનો ઉપયોગ થાય છે તો તંત્રને વધુ કાર્યશીલ બનાવવાની જરુર છે.

શાકમાર્કેટની સ્વચ્છતા કાયમી ધોરણે જળવાઈ રહે તે માટે કાયમી ધોરણે સફાઈ કામદારો મ્યુનિસિપલ કોર્પોરેશને મુકવા જોઈએ. શાકમાર્કેટમાંથી પાથરણાવાળાઓને દુર કરવા જોઈએ.

ગાંધીનગરના વિવિધ પ્રશ્ન અંગે જાગૃતિ લાવવા સંસ્થાઓ વર્તમાનપત્રોમાં રજુઆત કરે તે વિચાર પણ ચર્ચાયો હતો. પ્રો. રવિન્દ્રભાઈ દવે, જયોતિન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, મનીષભાઈ દવે, અશોકભાઈ રીંડાણી વગેરેએ ચર્ચામાં ભાગ લીધો હતો તેમ મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવ્યું છે.

## વાતવાતમાં

● વરસાદી મોસમના પગલે શહેરમાં સાપ નીકળવાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. સોમવારે રાત્રે સેકટર-૮માં એક મોટો સાપ મુખ્ય માર્ગ પર દેખાતા રહીશોમાં ફફડાટ વ્યાપ્યો હતો. પરંતુ સાપ ઝડપથી રોડ ક્રોસ કરી વનરાજીમાં ગરકાવથી જવા પામ્યો હતો.

● સેકટર-૬માં ચાલતા એક સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ કેન્દ્રમાં કેટલીક અજાણી મહિલાઓએ આવી રિસેપ્સનિસ્ટ પાસે દાન-દક્ષિણા માટે રકઝક કરી હતી. આશરે અડધો પોણો કલાક પછી પેલી રિસેપ્સનિસ્ટ તંદ્રામાંથી જાગી પછી તેને ભાન થયું કે તેણે મહિલાઓને પોતાની પાસેના રૂ. ૮૦૦ આપી પણ દીધા અને મહિલાઓ જતી પણ રહી.

● પંચાયત કર્મચારી મંડળના રાજય પ્રમુખ પ્રકાશ ત્રિવેદીને ગાયે ભેટુ મારતાં ત્રણ ટાંકા આવ્યા છે.

● નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી.એ. ચૌહાણની બદલી થતાં તેઓ આજે પંચાયતમાંથી ઓફિસ સમય બાદ છુટા થયા છે અને હવે તેઓ સુરત જિલ્લા પંચાયત ખાતે કાલે હાજર થશે.

● ગાંધીનગર શહેરમાં સે-૨૫માં ગટરો ઉભરાવવાની ફરિયાદો ગંભીર બની છે. તેમ પૂર્વ કાઉન્સીલર સુરેશ મહેતાએ જણાવી આ અંગે અસરકારક કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવે તેવી માંગ કરી છે.

● ભાજપ યુવા મોરચાની કારોબારીમાં ૮ યુવા અગ્રણીઓ ધવલ દવે, રાજેન્દ્ર કાઠિયા, પ્રણવ પટેલ, દિનેશ દેસાઈ, લવ બારોટ, કિંજલ પટેલ, નીતેશ પટેલ, ભરતભાઈ ઠકકરનો સમાવેશ થતાં કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડાની ૬ શાળાઓમાં કપડાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં ભિલોડા તાલુકાની ૬ સરકારી શાળાના અંદાજીત ૩૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોને નવિન કપડા તેમજ અભ્યાસકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરની સેવાભાવી સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સમયાંતરે અંતરિયાળ વિસ્તારની શાળાઓ તેમજ ગામડાઓમાં બોરકુવા બનાવી આપીને ગ્રામજનોને પાણીની મુશ્કેલીમાંથી દુર કરવાનું ભગીરથ કાર્ય કરે છે. સાથો સાથ તાજેતરમાં પ્રાથમિક શાળાના બાળકોને નવિન કપડા તેમજ બોલપેન, નોટબુક, પેંન્સીલ, તથા સ્લીપરનું વિતરણ કરાયું હતું.જયારે નવિન વિસ્તારમાં સેવાકીય પ્રવૃતિ કરી હોવાથી સંસ્થાના સભ્યો અને શિક્ષકગણ ખુબ ઉત્સાહમાં જણાયો હતો. જયારે સુરપુર, અસાલ, વાંદયોલ નવાધરા, ભુતાવડ છાપરા, ધોપવણી છાપરા તથા મઠ બાલુન્દ્રાની શાળાના ૩૦૪ વિદ્યાર્થીઓને કપડાનું વિતરણ કરાયું હતું. જેને પગલે વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી છવાઈ હતી. આ પ્રસંગે ઉમરાના ૨૦ છોડનું વાવેતર પ્રત્યેક શાળામાં કરવામાં આવ્યું હતું. આર.ટી.જોષી, કરસનભાઈ પ્રજાપતિ, યોગેશભાઈ, મિલિન્દભાઈ ગુપ્તે તથા ભીમજીભાઈ સમગ્ર દિવસ દરમિયાન સાથે રહ્યા હતા.

# શહેરમાં વો જબ યાદ આયે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ગાયક કલાકાર સ્વ.ગોપાલ નાયકને શ્રધ્ધાંજલિ અર્પણ કરતો કાર્યક્રમ આગામી તા.૨૩ જુલાઈને રવિવારના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમનો કોન્સેપ્ટ પંકજ કાપડીયાનો છે,જયારે સાઉન્ડ અને લાઈટ નરેશ દવે, ઓરકેસ્ટ્રા હિમાન્શું ગાયકવાડનું છે. આ કાર્યક્રમમાં પધારવા સૌ કલાપ્રેમીઓને આયોજકો તરફથી અનુરોધ કરાયો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**બિપીનચંદ્ર મોહનલાલ જાની**

**ગાંધીનગર ગમે**

આ નાના શહેરમાં નાગરિકો ભલે વડાપ્રધાનના સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતના આદેશનું પાલન ન કરે પણ શહેરમાં ફરતાં પશુઓ, ગાયો આ આદેશનું પાલન કરે છે.

**નગરજનો**

આ શહેરમાં ખૂબ જ ભણેલા ગણેલા અધિકારીઓ સંપીને રહે છે. નિવૃત્તિ પછી બગીચાઓમાં બેસીને મોંઘવારી ને બેરોજગારી વિશે ચિંતન કરે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

આ શહેરમાં ઘણી શાળા, કૉલેજો છે. પૈસાદારો તો પોતાનાં બાળકોને ભણાવશે, પણ ગરીબોનું શું થશે ? એમની ફી કોણ ભરશે ?

**નગરને બહેતર બનાવવા**

નગરને બહેતર બનાવવા સરકારે તથા ભણેલા-ગણેલા પૈસાદાર સમાજે ટ્રસ્ટ બનાવી ગરીબો, બેરોજગારોનાં બાળકોનું ધ્યાન રાખવું જોઈએ, એમના ભરણપોષણ માટે પ્રયત્ન કરવો જોઈએ.

**નગર માટે હું કરી શકું**

સ્વચ્છતાના ઉપક્રમો માટે મારી સેવાઓ આપવા માટે હું તૈયાર છું.

# કાર ચોરીમાં વોન્ટેડ આરોપી એલ.સી.બીના સકંજામાં




ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં પાર્કીંગમાંથી થોડા સમય અગાઉ એક અલ્ટો કારની ચોરી થઈ જવા પામી હતી. આ મામલે સે-૭ પોલીસ મથકમાં કાર માલીકે ફરિયાદ આપી હતી. સે-૭ પોલીસની ટીમે બાતમી મેળવી કાર ચોરીમાં સંડોવાયેલા એક કિશોર સહિત બે શખ્સોને પકડી પાડ્યા હતા. આ ગુનામાં હજુ એક સાગરીત નાસતો ફરતો હતો. ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીતની ટીમ એક નાસતા ફરતા આરોપીઓ પકડવા સક્રિય છે તે ટીમને બાતમી મળી હતી કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી અલ્ટો કારની ચોરી કરવાનાં ગુનામાં વોન્ટેડ આરોપી ખ-૩ સર્કલથી વાવોલ જતા રોડ પર છે. તેને આધારે વોચ ગોઠવીને એલ.સી.બીની ટીમે સે-૬ બી પ્લોટ નં.૫૯૬/૨ માં રહેતા આ ગુનામાં નાસતા ફરતા આરોપી વિશાલ રાજેશ વાઘેલાની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરની એસ.જી. અને એસ.વી. પ્રાથમિક શાળાના ધો-૧ થી ૪ના બાળકો માટે નાથીબા કોલેજના હોલમાં પપેટ શૉનું આયોજન થયું હતું. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી બાળકોને કઠપૂતળીનો શૉ બતાવ્યો હતો. આ પ્રવૃત્તિમાં બાળકોએ આનંદ અને ઉત્સાહથી કઠપૂતળીનો શૉ નિહાળ્યો હતો.

# ચિલોડાના હેત જાનીને માઉન્ટ એવરેસ્ટ ટ્રેકીંગ માટે ગવર્નરશ્રીની શુભેચ્છા

ગાંધીનગર, તા.૧૮

માઉન્ટ એવરેસ્ટ (સાગર મથ્થા) વિશ્વનું સૌથી ઉંચું શિખર ગણાય છે. જેની ઉંચાઈ સમુદ્ર તળથી ૮૮૪૮ મીટર એટલે કે ૨૯૦૨૮ ફૂટ છે અને આ શિખરને સર કરવાની




દરેક પર્વતારોહકની અદમ્ય અભિલાષા હોય છે.

આવી જ અભિલાષાને જીવંતરૂપ આપવા એક પછી એક પડકારોને ઝીલીને, મકકમ મને પોતાની કેડીને કંડારતો ચિલોડા મોટા ખાતે રહેતો ૧૭ વર્ષીય હેત જાનીએ માઉન્ટરીંગના દ્વિતિય તબક્કાની તાલીમ ૧૭૦૦૦ ફૂટ પહોંચી સફળતાપૂર્વક પૂર્ણ કરી ‘એ’ ગ્રેડ મેળવેલ છે આ ઉપરાંત તે ક્રોસ કન્ટ્રી રેસમાં પણ ઉત્તીર્ણ થયેલ છે.

હેત જાની ત્રીજા તબક્કાની તાલીમ આગામી ઓકટોબર ૨૦૧૭ દરમિયાન નહેરુ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટરીંગ, ઉત્તારકાશીથી શરુ કરશે. આ ટ્રેકીંગમાં તે ૨૨૦૦૦ ફૂટ ઉંચાઈ જશે. બેઝ કેમ્પ પોઈન્ટથી સ્નોક્રાફટ પોઈન્ટના રસ્તાઓ ખુબ જ કપરા અને સીધા ચઢાણવાળા તેમજ ગ્લેશિયરવાળા છે. જયાં સતત હીમવર્ષા થાય છે અને ઓકિસજન માઈનસ ૮ થી ૧૦ ટકા હોય છે. હેત જાનીએ તેના અનુભવોમાં જણાવેલ છે કે બેઝ કેમ્પથી આઈસ કેમ્પ પોઈન્ટ વચ્ચે પર્યાપ્ત માત્રામાં ઓકિસજનની સતત કમી મહેસુસ થાય છે જયાં મોત સતત નજર સામે ઝઝુમતું હોય છે.

હેત જાનીના આ સાહસિક, પડકારજનક લક્ષ્યનો ગુજરાત રાજયના ગવર્નર શ્રી ઓમપ્રકાશ કોહલીએ આવકાર્યો છે. માન. કોહલીએ હેત જાનીનો તેના જીવનના એક માત્ર લક્ષ્યનો સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી ગુજરાત રાજય અને ભારતનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી છે. અને આ અંગે શકય તે તમામ સહાયતા કરવા તેઓએ તત્પરતા બતાવી છે. હેત જાનીના આ સાહસિક કદમની જાણ કેન્દ્ર સરકારને પણ તેઓ કરશે તેમ તેઓએ જણાવ્યું છે.

હેત જાનીના આ અપ્રતિમ સાહસથી ચિલોડાના ગ્રામજનો ખૂબ ઉત્સાહિત છે. સમગ્ર ગ્રામજનોએ પણ હેત જાનીને અંતઃકરણ પૂર્વક શુભેચ્છાઓ પાઠવી છે.

# ઈન્ટરવ્યુ કેવી રીતે આપશો? : રસપ્રદ માર્ગદર્શન

## અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાં ‘ઈન્ટરવ્યુ ટીપ્સ’ અંગે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૮

આજે ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે ‘ઈન્ટરવ્યુ ટીપ્સ’ વિષયે નિષ્ણાંત વકતવ્યનું આયોજન




કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ત્રીજા વર્ષના વિદ્યાર્થીને નિષ્ણાંત વ્યાખ્યાતા પ્રો. રોઝીલી વિકટર દ્વારા વિસ્તારપૂર્વક માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

ઈન્ટરવ્યુ એક કળા છે, ઈન્ટરવ્યુમાં બૉડી લેંગ્વેજ, ભાષા શુધ્ધિ વગેરે અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. ઈન્ટરવ્યુ પહેલા શું કરવું અને ઈન્ટરવ્યુ દરમિયાન કેવી રીતે વર્તવું તથા ઈન્ટરવ્યુ પછી શું કરવું વગેરેથી મોટા ભાગના વિદ્યાર્થીઓ અજાણ હોય છે. ઈન્ટરવ્યુ દરમિયાન તમારા બોલાયેલા શબ્દો કેવી રીતે હકારાત્મક કે નકારાત્મક અસરો પાડે છે તે સમજી લેવું દરેક ઉમેદવાર માટે ખૂબ જ અગત્યનું હોય છે. આવી તમામ બાબતોને વિદ્યાર્થીઓ સમક્ષ ઝીણવટભર્યું માર્ગદર્શન સાથે વિસ્તૃત છણાવટ પ્રો. રોઝીલી વિકટર દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને હાલના વ્યવસાયિક વાતાવરણમાં સજ્જતા કેળવવા પર પણ તેમણે ભાર મુકયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રો. જીનાલી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સ્કુટરની ડેકીમાંથી ૨૦ લીટર દારૂ મળ્યો

ગાંધીનગર, તા.૧૮

ડભોડા પોલીસ મથકનાં પી.એસ.આઈ ડી.બી.વાળાની ટીમ ગઈ કાલે મોડી સાંજે પેટ્રોલીંગમાં હતી ત્યારે ટીમને બાતમી મળી હતી કે નરોડા-દહેગામ હાઈવે પર દેશી દારુની હેરાફેરી કરતો અમદાવાદનો બુટલેગર સ્કુટર લઈને નિકળ્યો છે. આ બાતમીને આધારે ડભોડા પોલીસની ટીમે હાઈવે પર ગલુદણ ગામના પાટીયા પાસે વોચ ગોઠવી દેશી દારૂની હેરાફેરી કરતા શખ્સને દબોચી લીધો હતો. બાપુનગરની અશોક મિલની ચાલીમાં રહેતા ૫૭ વર્ષિય બુટલેગર વનરાજ ભારતસિંહ ચાવડાને પકડી પાડી તેનું સ્કુટર તપાસ કરતા ડેકીમાંથી ૨૦ લીટર દેશી દારૂની પોટલીઓ મળી આવતા જપ્ત કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. હંસાબેન રમેશજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. પુરીબેન ફુલાભાઈ પટેલ, ઉ.વ. ૭૫